Semester – ii

History – ii - 111

ટૂંકમાં જવાબ આપો

Prof. V.B.Patel

1. ટૂંકમાં જવાબ લખો : (૧૨)

(૧) ઇ.સ.૧૮૫૭ના વિપ્લવના મુખ્ય નેતાઓનાં નામ જણાવો.

રાણી લક્ષ્મીબાઇ, અયોધ્યાની બેગમ હઝરતમહલ, બિહારના જાગીરદાર કુંવરસિંહ નાનાસાહેબ પેશ્વા અને તાત્યા ટોપે વગેરે ..

(૨) ઇ.સ.૧૮૫૭ના વિપ્લવનું તાત્કાલિક પરિણામ શું આવ્યું ?

વિપ્લવને કારણે ભારત ઉપરથી કંપનીના શાસનનો અંત આવ્યો. 'બ્રિટિશ તાજે' – અંગ્રેજ સરકારે પોતાનું શાસન સીધી રીતે સંભાળી લીધું.

(૩) રાષ્ટ્રવાદના ઉદય સમયે કયા-કયા વર્તમાનપત્રો પ્રચલિત હતાં ?

કલકત્તાથી પ્રસિધ્ધ થતાં ‘પેટ્રીઅટ’, ‘ઇન્ડિયન મિરર’ અને ‘અમૃત બઝાર પત્રિકા’, ‘હિન્દુ’.

(૪) ભારતમાં સર્વપ્રથમ રેલવેલાઇન ક્યારે અને ક્યાં નંખાઇ ?

(૫) ગાંધીજીએ અસહકારનું આંદોલન કયા બનાવ પછી તરત જ પાછુ ખેંચી લીધુ ?

(૬) ઇ.સ.૧૯૨૭માં બ્રિટિશ સરકારે હિન્દમાં કયું કમિશન મોકલેલું ?

(૭) ૧૮૫૭ના બળવાનું તાત્કાલિક કારણ જણાવો ?

ચરબીવાળાં કારતૂસો

(૮) મહારાણી વિક્ટોરિયાનો ઢંઢેરો ક્યારે બહાર પાડવામાં આવ્યો ?

નવેમ્બર- ૧૮૫૮

(૯) ૧૮૫૭ના વિપ્લવ બાદ અંગ્રેજ સરકારે કઇ નીતિ અપનાવી ?

વિપ્લવ બાદ અંગ્રેજ સરકારે હિન્દમાં ‘ભાગલા પાડો અને રાજ કરો’ની નીતિ અપનાવી.

(૧૦) ભારતીય રાષ્ટ્રીય ભાવનાની જાગૃતિના પાયામાં મુખ્યત્વે કયા બે સિદ્ધાંતો હતા ?

(૧) ભારતની રાષ્ટ્રીય એકતાનો ખ્યાલ અને (૨) સ્વતંત્રતા અને સ્વશાસનની પ્રબળ ઇચ્છા.

(૧૧) રાષ્ટ્રીય એકતા અને મુક્તિનું પ્રતીકગીત શું હતું ? તેના રચયીતા કોણ હતા ?

બંકિમ ચટ્ટોપાધ્યાય લિખિત ‘આનંદમઠ’ નામની નવલકથામાંનું ‘વંદે માતરમ’ ગીત રાષ્ટ્રગીત તરીકે સ્થાન પામ્યુ અને તે રાષ્ટ્રીય એકતા અને મુક્તિનું પ્રતીક બન્યું

(૧૨) અમેરિકાની અને ફ્રાન્સની ક્રાંતિએ દુનિયાભરમાં કયો સંદેશ ફેલાવ્યો ?

અમેરિકાની અને ફ્રાન્સની ક્રાંતિએ દુનિયાભરમાં સ્વતંત્રતા, સમાનતા અને ભાઇચારાનો સંદેશ ફેલાવ્યો

(૧૩) સનદી ધારો ક્યારે પસાર થયો ?

ઇ.સ.૧૮૩૩

(૧૪) સૌ પ્રથમ આઇ.સી.એસ.ની પરીક્ષા પાસ કરી ?

સુરેન્દ્રનાથ બેનરજીએ સૌ પ્રથમ આઇ.સી.એસ.ની પરીક્ષા પાસ કરી.

(૧૫) ઇલ્બર્ટે કયો ખરડો રજૂ કર્યો ?

ઇલ્બર્ટે- 'ભારતીય ન્યાયાધીશો પણ યુરોપિયનોનો કેસ ચલાવી શકે' એવી સમાનતા લાવતો ખરડો રજૂ કર્યો.

(૧૬) વર્નાક્યુલર પ્રેસ એક્ટ કોના સમયમાં પસાર થયો ?

લોર્ડ લિટન

(૧૭) કોંગ્રેસની સ્થાપના કોની પ્રેરણાથી થઇ ?

ઇ.સ.૧૮૮૫માં હ્યુમની પ્રેરણા તથા હિન્દના નેતાઓના પ્રયાસોને કારણે ઇન્ડિયન નેશનલ કોંગ્રેસની સ્થાપના થઇ.

(૧૮) કોંગ્રેસનું પ્રથમ અધિવેશન ક્યારે અને ક્યાં મળ્યું ? પ્રમુખ કોણ હતા ?

ઇ.સ. ૧૮૮૫માં શ્રી વ્યોમેશચંદ્ર બેનરજીના પ્રમુખપદે કોંગ્રેસનું પ્રથમ અધિવેશન મુંબઇ મુકામે ભરવામાં આવ્યું હતું.

(૧૯) ૧૮૮૬ના કોંગ્રેસના બીજા અધિવેશનમાં વાઇસરોય લોર્ડ ડફરીને આવેલા મહેમાનોને કયા શબ્દોથી નવાજ્યા હતા ?

૧૮૮૬નું કોંગ્રેસનું બીજુ અધિવેશન કોલકાતા (કલકત્તા)માં મળ્યું. તે વખતના વાઇસરોય લોર્ડ ડફરીને અધિવેશનમાં આવેલા તમામ સભ્યોને “અમારા માનવંતા મહેમાનો” કહીને નવાજ્યા હતા.

(૨૦) ઇંગ્લેન્ડમાં કોંગ્રેસની શાખા ક્યારે ખોલવામાં આવી શા માટે ?

રાષ્ટ્રવાદનો પડઘો પાડવા માટે ઇંગ્લેન્ડમાં પણ ઇ.સ.૧૮૮૮માં કોંગ્રેસની એક શાખા ખોલવામાં આવી.

(૨૧) કયા કાયદાને કોંગ્રેસની રાજકીય ક્ષેત્રે પ્રથમ સિદ્ધિ ગણી શકાય ?

ઇ.સ.૧૮૯૨નો કાયદો એ રાજકીય ક્ષેત્રે કોંગ્રેસની સર્વપ્રથમ સિદ્ધિ ગણાવી શકાય.

(૨૨) ત્રાસવાદી ચળવળની શરૂઆત ક્યારથી થઇ ?

ઇ.સ.૧૮૯૯માં પૂનામાં ઉસ્કેરાયેલા ટોળાએ પ્લેગ કમિશનર મિ.રેન્ડે અને તેના સાથીદારનાં ખૂન કર્યા ત્યારથી આ ત્રાસવાદી ચળવળની શરૂઆત થઇ.

(૨૩) કોંગ્રેસના ભાગલા ક્યારે થયા ?

ઇ.સ.૧૯૦૭ના સુરત અધિવેશન વખતે ભિન્ન ભિન્ન વિચારસરણીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું અને કોંગ્રેસના બે ભાગલા પડી ગયા.

(૨૪) મુસ્લિમ લીગની સ્થાપના ક્યારે થઇ ?

ડિસેમ્બર 1906માં ઢાકામાં ‘મુસ્લિમ લીગ’ની સ્થાપના કરવામાં આવી.

(૨૫) ભારતમાં કોમવાદના પાયા કયા સુધારાથી નાખવામાં આવ્યા ?

1909ના મોર્લે-મિન્ટો સુધારા દ્વારા મુસ્લિમોને અલગ મતદારમંડળ આપવામાં આવ્યું અને એ રીતે ભારતમાં કોમવાદના પાયા નાંખવામાં આવ્યા.

(૨૬) કોંગ્રેસ અને લીગ વચ્ચે સમજૂતીના કરાર ક્યારે અને ક્યાં થયા ?

ઇ.સ.1916માં લખનૌ મુકામે કોંગ્રેસ-લીગ વચ્ચે સમજૂતીના કરાર થયા.

(૨૭) ‘સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે અને તે હું મેળવીને જ જંપીશ.’-આ વાક્ય કોનું છે ?

તિલક

(૨૮) રોલેટ એક્ટ ક્યારે પસાર કરવામાં આવ્યો ?

૧૯૧૯

(૨૯) ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત ક્યારે આવ્યા ?

ગાંધીજી ૯મી જાન્યુઆરી ૧૯૧૫માં દક્ષિણ આફ્રિકાથી ભારત  આવ્યા.

(૩૦) અસહકારનું આંદોલન ગાંધીજીએ શા માટે ખેંચી લીધુ ?

સંયુક્ત પ્રાંતના ગોરખપુર જિલ્લાના ચોરીચોરા ગામે નીકળેલા કોંગ્રેસના કાર્યકરોના એક સરઘસને પોલીસોએ અટકાવ્યું અને કાર્યકરોને હેરાન પરેશાન કર્યા. આથી સરઘસના લોકો હેરાન પરેશાનીથી રોષે ભરાયા, ઉશ્કેરાયા. તેમણે પોલીસ ચોકીને આગ લગાવી દીધી. આ આગમાં ૨૧ પોલીસ સળગી ગયા.  અહિંસાની જાણ થતાંની સાથે મહાત્મા ગાંધીજીએ અસહકારની લડત તરત જ પાછી ખેંચી લીધી

(૩૧)

2. (અ) યોગ્ય વિકલ્પની પસંદગી કરી લખો.

(03)

(૧) મહાત્મા ગાંધી ઇ.સ.૧૯૧૫માં કયા દેશમાંથી હિન્દ પાછા આવેલા ?

(અ) ઇંગ્લેન્ડ (બ) અમેરિકા

(ક) ફ્રાંસ (ડ) દક્ષિણ આફ્રિકા

(૨) હિન્દી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના કોના પ્રયાસોથી થઇ હતી ?

(અ) મહાત્મા ગાંધીજી (બ) જવાહરલાલ નહેરુ

(ક) સરદાર પટેલ (ડ) એ.ઓ.હ્યુમ

(૩) ૧૯૪૨ ‘હિન્દ છોડો’ લડત દરમ્યાન અમદાવાદમાં કાપડની મિલો અને તમામ શાળા-કોલેજો ક્યાં સુધી બંધ રહેવા પામી હતી ?

(અ) ૬ દિવસ (બ) ૬ માસ

(ક) ૧૬ દિવસ (ડ) ૧૬ માસ

(બ) વિધાન ખરું છે કે ખોટું લખો

(૦૨)

(૧) ઇ.સ.૧૮૫૭ના વિપ્લવનો પ્રથમ શહીદ તાત્યાટોપે હતો.

(૨) લોર્ડ કેનિંગે અલ્હાબાદમાં દરબાર ભરીને રાણી વિક્ટોરિયાનો ઢંઢેરો જાહેર કર્યો.

(ક) ખાલી જગ્યા પૂરો : (૦૪)

(૧) હિન્દી રાષ્ટ્રીય કોંગ્રેસ મહાસભાના મુંબઇના પ્રથમ અધિવેશનમાં કુલ ------- પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.
(૧૨૪૮, ૭૨, ૬૦૭, ૪૦૦)

(૨) સૂરતના ઇ.સ.-----ના અધિવેશનમાં કોંગ્રેસના સૌ પ્રથમવાર જહાલ અને મવાલ એમ બે ભાગલા પડ્યાં.
(૧૯૦૧, ૧૯૦૫, ૧૯૦૬, ૧૯૦૭)

(૩) ગાંધીજીએ સવિનય કાનૂન ભંગની લડત દરમ્યાન રચનાત્મક કાર્યક્રમના ભાગ રૂપે ------ સંસ્થા સ્થાપી હતી.
(હરિજન સેવક સમાજ, અખિલ હિન્દ હરિજન સેવક સંઘ, હરિજન બંધુ સમાજ, અંત્યોદ્ધાર સેવા સંઘ)

(૪) ૬ જુલાઇ ૧૯૪૨ના રોજ ----- મુકામે મળેલી કોંગ્રેસ કારોબારી બેઠક ગંભીર વિચારણા કરીને 'હિન્દ છોડો'નું આંદોલન શરૂ કરવાનો ઐતિહાસિક ઠરાવ પસાર કર્યો હતો.
(લખનૌ, મદ્રાસ, વર્ધા, નાગપુર)

(ડ) જોડકાં યોગ્ય રીતે જોડો :

(૦૫)

| અ વિભાગ | બ વિભાગ |
| --- | --- |
| (૧) હોમરુલ આંદોલન | (૧) ઇ.સ.૧૯૧૯ |
| (૨) રોલેટ એક્ટ | (૨) ઇ.સ.૧૯૧૬ |
| (૩) ખિલાફત ચળવળ | (૩) ઇ.સ.૧૯૩૦ |
| (૪) સવિનય કાનૂન ભંગની ચળવળ | (૪) ઇ.સ.૧૯૨૦ |
| (૫) હિન્દ છોડો લડત | (૫) ઇ.સ.૧૯૪૨ |